# પાલનપુરમાં શાંતિના દૂત ૧૩ કબુતરનો નિર્દયતાથી શિકાર

## સ્મશાન પાસે જીવદયાપ્રેમીઓને અજાણ્યા શખ્સો પાસેથી મૃત કબૂતરો મળતા ભારે રોષ

પાલનપુર ખાતે સ્મશાન પાસે થી જીવદયા પ્રેમીઓને અજાણ્યા શખ્સો પાસેથી ૧૩ જેટલા મૃત કબૂતરો મળ્યા હતા. જેના પગલે ભારે રોષની લાગણી પ્રસરી જવા પામી હતી. આ મૂર્ત કબૂતરોની દફનવિધિ કરવામાં આવી હતી. દરમિયાન કબૂતરોનો શિકાર કરતી ટોળકીને ઝડપી લેવામાં આવે તેવી માંગ ઉઠવા પામી છે.



પાલનપુરમાં વહેલી સવારે દુકાનોના છજા તેમજ ઝાડ ઉપર બેઠેલા કબુતરોનો શિકાર કરતી ટોળકી સક્રિય થઈ છે. જ્યાં સ્મશાન પાસેથી જીવદયા પ્રેમીઓને અજાણ્યા શખ્સો પાસેથી ૧૩ જેટલા મૃત કબૂતરો મળ્યા હતા. જેના પગલે ભારે રોષની લાગણી પ્રસરી જવા પામી હતી.

આ મૃત કબૂતરોની દફનવિધિ કરવામાં આવી હતી. દરમિયાન કબૂતરોનો શિકાર કરતી ટોળકીને ઝડપી લેવામાં આવે તેવી માંગ ઉઠવા પામી છે.

અગાઉ પણ શહેરના ગુરૂનાનક ચોકમાં વહેલી સવારે પસાર થઈ રહેલા બાવરી કોમના કિશોર પાસે રહેલા થેલાની જીવદયાપ્રેમીએ તલાસી લેતાં તેમાંથી પંદર મૃત કબુતરો મળી આવ્યા હતા. જેથી ચોંકી ઉઠેલા જીવદયાપ્રેમીઓએ આ અંગે વન વિભાગ અને પોલીસને જાણ કરી આ કિશોરને તેમને સોપ્યો હતો. જેમના સમક્ષ કિશોરે આ કબુતરોનો શિકાર કરી તેનો ખાવામાં ઉપયોગ કરવામાં આવતો હોવાનો અને શિકાર કરવામાં ચારથી વધુ શખ્સો સામેલ હોવાનો ચોંકાવનારો ખુલાસો કર્યો હતો. જોકે, આવા શખ્સો સામે કાયદેસર કાર્યવાહી કરવામાં આવતી ન હોવાથી છુટોદોર મળી રહ્યો છે.

# પાલનપુરના પૂર્વ ધારાસભ્યની દાદાગીરીથી પ્લોટ કબજાનો મામલો ગરમાયો

## પ્લોટ માલિક યુગલ પહોંચ્યું એસપી કચેરી : પશ્ચિમ પોલીસ ફરિયાદ ન લેતી હોવાનો આક્ષેપ

પાલનપુર ભાજપના પૂર્વ ધારાસભ્ય ગોવિંદ પ્રજાપતિ પ્લોટ



કબજા મામલે વિવાદમાં આવ્યા છે. જેમાં પ્લોટ માલિક યુગલ આજે એસપી કચેરી પહોંચ્યું હતું અને પશ્ચિમ પોલીસે ફરિયાદ ન લીધી હોવાનો આક્ષેપ કર્યો હતો. અને ન્યાયની ગુહાર લગાવતા તેઓએ ન્યાય નહીં મળેથી ધરણાં પર બેસવાની ચીમકી ઉચ્ચારી હતી.

પાલનપુરમાં રહેતા એક દંપતીએ ભાજપના પૂર્વ ધારાસભ્ય ગોવિંદભાઈ પ્રજાપતિએ લુખ્ખી દાદાગીરી કરી તેમના પ્લોટમાં ગેરકાયદેસર રીતે કબજો કરી રહયા હોવાના ગતરોજ આક્ષેપો કર્યા હતા. દરમિયાન આજે ઉપરોકત પ્લોટનુ માલિક યુગલ પાલનપુરની એસ.પી. કચેરી ખાતે પહોંચી ગયું હતુ. અને એસપી કચેરી ખાતે પહોંચી તેમની ફરિયાદ પશ્ચિમ પોલીસ ન લેતી હોવાના આક્ષેપો પણ કર્યા હતા.

જેમાં ભાજપના પૂર્વ ધારાસભ્યની સત્તાના જોરે પોલીસ પર દબાણ હોવાથી ફરિયાદ ન લેવાતી હોવાની પણ ચર્ચાએ જોર પકડયું છે. તે ઉપરાંત ઉપરોક્ત યુગલ પ્લોટનું માલિક હોવા છતાં પૂર્વ ધારાસભ્યએ દાદાગીરીથી ગેરકાયદેસર રીતે કબજો કર્યો હોવાની રાવ સાથે પ્લોટ માલિક યુગલે એસપી કચેરીએ ધરણાં કરવાની ચીમકી ઉચ્ચારી છે ત્યારે સમગ્ર મામલો ગરમાયો છે.

# અમીરગઢ અને દાંતીવાડા તાલુકાનો દૂધ દિન અને મહિલા જાગૃતિ કાર્યક્રમ યોજાયો

પાલનપુર, તા. ૮

બનાસડેરીના ચેરમેન અને રાજયના પૂર્વ મંત્રી શંકરભાઈ ચૌધરીના અધ્યક્ષસ્થાને આજરોજ બનાસ મેડીકલ કોલેજ મોરિયા ખાતે અમીરગઢ અને દાંતીવાડા તાલુકાનો સંયુક્ત દૂધ દિન અને મહિલા જાગૃતિ કાર્યક્રમ યોજાયો હતો.

બનાસડેરી અને જીસીએમએમએફના સંયુકત ઉપક્રમે યોજાયેલા કાર્યક્રમના અધ્યક્ષસ્થાનેથી વિશાળ સંખ્યામાં ઉપસ્થિત દૂધ ઉત્પાદક બહેનો, મંડળીઓના ચેરમેનો, મંત્રીઓ અને કમિટી સભ્યોને સંબોધતા ચેરમેન શંકરભાઈએ જણાવ્યું હતું કે આજનો કાર્યક્રમ સાચા અર્થમાં દૂધ અને મહિલા જાગૃતિ દિન તરીકે જોઉં છું કારણ કે આજના કાર્યક્રમમાં બહેનોની સક્રિય ભાગીદારી રહી છે. મોરિયા ખાતે આકાર પામી રહેલ દેશમાં પ્રથમ એવી પશુપાલકોની મેડિકલ કોલેજમાં સહકાર આપનાર મોરિયા ગ્રામજનો, ગ્રામ પંચાયત અને રાજ્ય સરકારનો આભાર વ્યક્ત કરતા તેમણે જણાવ્યું હતું કે દેશમાં પ્રથમ એવી ઘટના ઘટી છે કે જે મેડીકલ કોલેજના માલિકો દૂધ ઉત્પાદકો હોય, તેમણે ઉમેર્યું કે આટલેથી જ ન અટકતા અહીં ભવ્ય હોસ્પિટલ ઊભી થશે. જેમાં કોઈ મોટા શહેરમાં હોય તેવી હૃદયરોગ, કિડની અને કેન્સરની સારવાર થશે અને જિલ્લાના પશુપાલકો નિઃશુલ્ક સારવાર મેળવી શકશે. સાથે-સાથે ઈમરજન્સી કિસ્સામાં એર એમ્બ્યુલન્સની વ્યવસ્થા પણ ઊભી થશે અને પશુપાલકોની નિઃશુલ્ક ઉચ્ચતમ મેડિકલ સારવાર એ જ સ્વર્ગસ્થ ગલબાકાકાને સાચી શ્રદ્ધાંજલિ ગણાશે. તેમણે જણાવ્યું કે મેડિકલ કોલેજના વ્યવસાયમાંથી થનારો નફો પણ સરવાળે દૂધ ઉત્પાદકોને જ પહોંચશે.




બનાસડેરીના વહીવટ જેવી પારદર્શક કાર્યપ્રણાલી દૂધ મંડળી સ્તરે પણ ગોઠવાય તેવું આહવાન કરતા ચેરમેને જણાવ્યું કે પારદર્શક વહીવટથી જ મંડળીના કાર્યવાહકો ગામના દૂધ ઉત્પાદકોની સાચી સેવા કરી શકશે. તેમણે ઉમેર્યું કે બનાસડેરી એ આપણા જ જિલ્લાની આગવી ઓળખ એવી દેશી કાંકરેજી ગાયની ઓલાદ સુધારણાનું મોટું અભિયાન ઉપાડયું છે. ત્યારે આવનારા સમયમાં પશુ દીઠ દૂધ ઉત્પાદન વધે તે માટે બનાસડેરી સતત પ્રયત્નશીલ છે.



દૂધના વ્યવસાય સાથે જોડાયેલી માતૃશક્તિ જ આગળ આવી શિક્ષણ, તબીબી અને સંરક્ષણ ક્ષેત્રે બહેનોના આગવા પ્રદાનની સરાહના કરતાં તેમણે જણાવ્યું કે દીકરીઓના શિક્ષણમાં ક્યાંક કચાશ રાખતો તો આવનારી પેઢીનો ઉદય શક્ય બનશે નહીં. કાર્યક્રમમાં દૂધ ઉત્પાદક બહેનોએ આપેલા પ્રતિભાવની સરાહના કરીને બહેનોને અભિનંદન આપતા જણાવ્યું કે આજે સાચા અર્થમાં મહિલા જાગૃતિ કાર્યક્રમ ઉજવાઈ રહ્યો છે.

બનાસ ડેરીના વાઈસ ચેરમેન માવજીભાઈ દેસાઈએ જણાવ્યું કે જિલ્લાના દૂધ ઉત્પાદકોનો બનાસડેરીના નિયામક મંડળ પર વિશ્વાસ વધ્યો છે. પરિણામે અન્ય રાજ્યોમાં કે જિલ્લાઓમાં દૂધનો પુરવઠો ઘટ્યો છે. ત્યારે બનાસડેરીમાં દૂધનો પુરવઠો દિનપ્રતિદિન વધતો જાય છે. તેમણે જણાવ્યું કે દૂધ ઉત્પાદક બહેનો સાથે સીધો સંપર્ક સાધીને તેમના પ્રશ્નો હલ કરવાનો માનનીય ચેરમેનનો આ સુંદર અભિગમ રહ્યો છે. બનાસ ડેરીએ ૯૦૦ કરોડનું દેવું ઘટાડીને નવો ઈતિહાસ સર્જ્યો છે. બનાસ ડેરીના ચેરમેન શંકરભાઈ દૂધ ઉત્પાદકોના હિતમાં નવા નવા પ્રોજેક્ટ દ્વારા તેમની આવક કઈ રીતે વધે તે માટેની સતત ચિંતા સેવતા હોય છે.

# સાઠંબા ગાયની હત્યા મામલે સજ્જડ બંધ

## ગેરકાયદેસર કતલખાનામાં ગૌવંશની હત્યા કરી ગૌમાંસ વેચાણનો પર્દાફાશ



બાયડ, તા. ૮

બાયડ તાલુકાના સાઠંબા ગામની નવી વસાહતમાં ધમધમતા ગેરકાયદેસર કતલખાનામાં ગૌ હત્યા કરી ગૌ માંસ વેચાણ થતું હોવાની બૂમો ઉઠતા જાગૃત યુવાનોએ જનતારેડ કરતા કસાઈઓ નાસી છૂટ્યા હતા. ગાયની કરપીણ હત્યા કરી ગૌમાંસ વેચાતું હોવાનો પર્દાફાશ થતા નાયબ પોલીસ અધિક્ષક સહીત જીલ્લાની પોલીસ સાઠંબા ગામે પહોંચી હતી અને પશુચિકીત્સક અને એફએસએલ ની ટીમને તાબડતોડ સાઠંબા બોલાવી ગેરકાયદેસર કતલખાનામાંથી મળેલ માંસ અને મૃતદેહના અવશેષો ગાયના છે કે નહિ તે જાણવા પરીક્ષણ હાથ ધરવામાં આવ્યું હતું. જેમાં ગાયનું માંસ હોવાની પુરવાર થતા સાઠંબા પોલીસે ૮ શખ્સો સામે ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી એક આરોપીને દબોચી લઈ અન્ય ફરાર ૭ આરોપીઓને ઝડપી પાડવા કવાયત હાથ ધરી હતી.

શનિવારે સાઠંબા ગામની નવી વસાહતમાં ગેરકાયદેસર કતલખાનામાં કેસાઈઓની હિંમત વધતા છેલ્લા કેટલાક સમયથી પશુઓની સાથે ગૌ હત્યા કરી ખુલ્લેઆમ ગૌ માંસ વેચાણ શરૂ થતા જનતારેડમાં ગૌવંશના અવશેષો અને માંસ મળી આવતા લોકોના ટોળેટોળા ઘટનાસ્થળે ઉમટ્યા હતા અને ભારે રોષ સાથે મામલો ગરમાયો હતો. ડીવાયએસપી, ત્રણ પીઆઈ અને ત્રણ પીએસઆઈ સહીત મોટી સંખ્યામાં પોલીસકાફલો ખડકી દઈ ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવી દીધો હતો. ગૌ હત્યાના પગલે સાઠંબા પંથકમાં રવિવારે સ્વયભૂ સજ્જડ બંધ રાખી રેલી યોજી કસાઈઓ સામે શખ્ત કાર્યવાહી કરવાની માંગ સાથે સ્થાનિક પોલીસતંત્રની કામગીરી સામે રોષ વ્યક્ત કર્યો હતો.

### ડીવાયએસપી ગઢવીના જણાવ્યા અનુસાર

સાઠંબા ગામની નવી વસાહતમાં ગાયની હત્યા અંગે જણાવ્યું હતું કે ગામના ૮ શખ્સો સામે ગુન્હો નોંધી ફરાર આરોપીઓને ઝડપી પાડવા કામગીરી હાથ ધરવામાં આવી છે અને મુન્ના સુલતાન શેખ નામના આરોપીને ઝડપી પાડી જેલના સળિયા પાછળ ધકેલી દઈ અન્ય ફરાર ૭ આરોપીઓને પણ ટૂંક સમયમાં ઝડપી પાડવામાં આવશે હોવાનું જણાવ્યું હતું.

સાઠંબા ગામની નવી વસાહતમાં ગેરકાયદેસર કતલખાનામાંથી ગાયના હત્યા કરાયેલ અવશેષો અને ગૌમાંસ મળી આવતા પોલીસતંત્ર ઉંધામાથે પટકાયું હતુ અને લોકોનો રોષ ઠારવા તાબડતોડ ઈલ્મુમિયા અહેમદમિયાં શેખ, મુન્ના સુલ્તાનભાઈ શેખ, સલીમ ઈલ્મુમિયા શેખ, દોસુમિયાં સુલતાનમીયા શેખ, જાકીર શેખ, રફીક શેખ, ઝહીર અયુબ શેખ અને અન્ય એક શખ્સ વિરુદ્ધ સંજયસિંહ પર્વતસિંહ સોલંકીની ફરિયાદના આધારે ઈપીકો કલમ-૪૨૯ તથા પશુ સંરક્ષણ સુધારા અધિનિયમન-૨૦૧૧ કલમ અને પશુ પ્રત્યે ઘાતકી પણાની કલમ મુજબ ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

# ફરજ પુરી કરી વતન આવતા વાસણાના જવાનનું સામૈયું કરાયું

## દેશ ભક્તિના ગીતો સાથે મોટી સંખ્યામાં લોકો જોડાયા

પાલનપુર તાલુકાના વાસણા(જ) ગામના વતની અને ખેડુતપુત્ર પરથીસિંહ બોડાણાએ Armoured Crops આર્મીમાં વફાદારી પુર્ણ પોતાની ફરજ પુરી



કરી પોતાના માદરે વતન વાસણા ખાતે આવતા તેમનું ભવ્ય સામૈયું કરાયું હતું.

વાસણ(જ) ગામના પનોતા પુત્ર પરથીસિંહ બોડાણા ફરજ પુરી કરી માદરે વતન પરત ફરતા તેઓનું ભવ્ય સામૈયું કરાયું હતું. કાણોદરના મહાકાળી માતાજીના મંદીરે સવારે ૭ કલાકે આરતી દર્શન કરી પરથીસિંહ બોડાણા વાસણા ખાતે મહાદેવ મંદીરે દર્શનાર્થે જવા રવાના થયા હતા. જયા તેમનુ ગ્રામજનો એ ભારત માતાકી જય ના નારા સાથે ઉત્સાહભેર સ્વાગત કર્યું હતુ.

આ કાર્યક્રમ માં વાસણા ગામના સરપંચ તેમજ આજુબાજુ ના મુસ્લિમ સમાજ ના લોકો, પત્રકાર મિત્રો રાજપુત સમાજ ના આગેવાનો ગામના આગેવાનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી જવાન પરથીસિંહ બોડાણા નુ ફુલહાર તેમજ શાલ આઢાડી ઉમળકાભેર સમ્માનિત કરાયા હતા. જયાં સમગ્ર પંથક માં હરખ ના આનંદ છવાયેલો જોવા મળ્યો હતો.

વય નિવૃત્તિ થયા બાદ પરથીસિંહ બોડાણા એ દેશની સેવા કરવાનો લાભ મળતા સમગ્ર દેશ વાસીઓને શુભેચ્છા પાઠવી હતી. અને ભારત સરકારનો આભાર વ્યકત કર્યો હતો. અને જરૂર પડશે તો બોર્ડર પર જઈ દેશ માટે બલિદાન પણ આપીશ તેવુ જણાવ્યું હતુ.

# પ્રાંતિજ નવાપુરા ખાતે આઠ કરોડના ખર્ચે તૈયાર થનાર સીવરેજ ટ્રીટમેન્ટ પ્લાન્ટનું ખાત મુહૂર્ત

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ વોર્ડ નંબર એક નવાપુરા વિસ્તારમાં આઠ કરોડના ખર્ચે તૈયાર થનાર સીવરેજ ટ્રીટમેન્ટ પ્લાન્ટનું ખાત મુહુર્ત સાબરકાંઠા-અરવલ્લી સાંસદ દિપસિહ રાઠોડના હસ્તે કરવામાં આવ્યું હતું.

પ્રાંતિજ નગરપાલિકા વિસ્તારમાં આવેલ નવાપુરા ગામ વોડ નંબર એકમાં સ્વર્ણીમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત રૂપિયા



આઠ કરોડના ખર્ચેની ગ્રાન્ટમાથી ડમ્પીંગ સાઈટે સેનીટેશન સુલેજ ટ્રીટમેન્ટ પ્લાન્ટના કામનું કે જે ૩.૭૦ એમ.એલ.ડી. ક્ષમતાનો એસટીપી પ્લાન્ટ તથા ઈન્લેટ માટે ૧૫૦ મીટર ડી.આઇ. પાઈપ લાઈન તથા ઈફલુઅંટ ડિસ્પોઝલ માટે ૪૫૦ મીટર આરસીસી પાઈપ લાઈનનો સમાવેશ કરવામાં આવેલ છે. આ ઉક્ત પ્લાન્ટની કામગીરી ૪ વર્ષ માટેની મરામત અને નિભાવણીની કામગીરીનો સમાવેશ કરવામાં આવેલ છે અને ત્યારબાદ પ્રાંતિજ પાલિકાને સોંપવામાં આવશે. સીવરેજ ટ્રીટમેન્ટ પ્લાન્ટની કામગીરીનું આજે ખાતમુહુર્ત સાબરકાંઠા-અરવલ્લી સાંસદ દિપસિહ રાઠોડના હસ્તે કરવામાં આવ્યું હતું.

## પોશીના તાલુકાનાં વીંછી ગામમાં

# સસ્તા અનાજની દુકાનનું લાઈસન્સ આપવા માટે ભષ્ટ્રાચાર

પોશીના, તા. ૮

પોશીના તાલુકાના વીંછી ગામમાં સરકાર માન્ય વાજબી ભાવની દુકાન ખોલવા માટે સાબરકાંઠા કલેક્ટર ધ્વારા અરજીઓ મંગાવવા માટે જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવતા વીંછી ગામ સહિત અન્ય ગામના અરજદારો દોડતા થયા છે અને ૧૦ થી ૧૫ અરજદારોએ માંગણી કરી છે, પણ નાયબ મામલતદાર પુરવઠાએ ટાઢીવેડી ગામના અરજદારને આધારકાર્ડ સહિતના ડૉક્યુમેન્ટ કાઢી આપી સ્વસહાયજુથના પ્રમુખને ભષ્ટ્રાચાર આચરી મદદરૂપ થવાનું આશ્વાસન આપવાની વીંછી ગામ સહિત પંથકમાં બૂમ ઉઠવા પામી છે. આ અંગે વીંછી ગામના ૧૦૦ કરતાં વધુ ગામલોકે કલેક્ટરને રજૂઆત કરી દુકાનને મજૂરી માટેના અગ્રતાક્રમ જાળવવા તથા નાયબ મામલતદાર પુરવઠાના કથિત ભષ્ટ્રાચારની તપાસ કરવા તથા તાત્કાલિક બદલી કરવા માંગ કરવામાં આવી છે.

વીંછી ગામના સોલંકી સંગિતાબેન સોમાભાઈ, ભૂરભાઈ સોલંકી, મકાનભાઈ અરજણભાઈના જણાવ્યા અનુસાર પોશીના તાલુકાનાં વીંછી ગામમાં સરકાર માન્ય વ્યાજબી

### ગ્રામજનો ગાંધી ચિંધ્યા માર્ગે આગળ આંદોલન કરવા મજબુર વાજબી ભવાની દુકાનનું લાઇસન્સ આપવા માટેનો અગ્રતાક્રમ જાળવવા તથા કથિત ભષ્ટ્રાચારની તપાસ કરવા કલેક્ટરને રજૂઆત

ભાવની દુકાન ખોલવા માટે તા.૫ ઓક્ટોબરના રોજ સાબરકાંઠા કલેકટર ધ્વારા જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે. જેમાં વીછી ગામના અરજદારો સહિત ટાઢીવેડી ગામના ભોજેનાથ સ્વ સહાયજુથના પ્રમુખ બબીતાબેન જીતેન્દ્રકુમાર સોલંકીએ પણ અરજી કરી છે. પણ બબીતાબેન જીતેન્દ્રકુમાર ટાઢીવેડી ગામના રહીશ છે અને ત્યાં મકાન પણ ધરાવે છે. તેમ છતા નાયબ મામલતદાર પુરવઠા ધ્વારા વીછી ગામનું રેશનકાર્ડ સહિતના ડૉક્યુમેન્ટ નવીન કાઢી આપ્યા છે. જેમાં મોટો ભષ્ટ્રાચાર થયો હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે.



જીતેન્દ્રકુમાર લધાભાઈ સોલંકીને બે પત્નીઓ છે. પ્રથમ પત્ની અરુણાબેન વીંછી -૩ માં આગંણવાડી કાર્યકર તરીકે ફરજ બજાવે છે. જ્યારે બીજા પત્ની બબીતાબેન ભોજેનાથ સ્વ સહાયજુથના પ્રમુખ તરીકે વ્યાજબી ભાવની દુકાનનું લાઈસન્સ માગણી કરી છે. વળી નાયબ મામલતદાર પુરવઠા આ બંને મહિલાઓના પતિ જીતેન્દ્રકુમાર સાથે ભાગીદારી કરી બીટી કપાસ બિયારણનો વેપાર કરતાં હોવાનું પણ અરજીમાં જણાવવામાં આવ્યું છે. તેથી જીતેન્દ્રકુમારની બીજી પત્નીને વીંછી ગામના બધા જ ડૉક્યુમેન્ટ સરળતાથી કાઢી આપવામાં આવ્યા છે અને સસ્તા અનાજની દુકાનનું લાયસન્સ પણ આપવાનું આશ્વાસન આપી અગાઉથી મોટા પ્રમાણમા ભષ્ટ્રાચાર થયાનું પણ અરજીમાં જણાવવામાં આવ્યું છે. વળી કલેક્ટર કે ધારાસભ્ય પણ મારૂ કશું બગાડી શકવાના નથી તેવી ડંફાશ આ કર્મચારી હાકતા હોવાનું પણ બહાર આવવા પામ્યું છે.

વીંછી ગામની સસ્તા અનાજની દુકાન વીંછી ગામના અરજદારોને જ અગ્રતાક્રમ જાળવી લાઈસન્સ આપવામાં આવે અને નાયબ મામલતદાર પુરવઠાની તાત્કાલિક બદલી કરી કથિત ભષ્ટ્રાચાર અંગે તટસ્થ તપાસ કરવાંમાં નહીં આવે તો વીંછી ગામના રહીશો ગાંધી ચિનધ્યા માર્ગે આંદોલન કરવાની ચીમકી ઉચ્ચારી છે અને આ અંગે કલેક્ટર, નાયબ કલેક્ટર - ખેડબ્રહ્મા સહિત સક્ષમ અધિકારીઓને જાણ કરવાં આવી છે.